કલમ ૩૭૦ની પુનઃસ્થાપના તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતા જમ્મુ-કાશ્મીરની ઓમર અબ્દુલ્લા સરકારે બુધવારે વિધાનસભામાં એક ઠરાવ પસાર કર્યો હતો. ઠરાવમાં કેન્દ્ર સરકારને જમ્મુ અને કાશ્મીરના વિશેષ દરજ્જાને ફરીથી લાગુ કરવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવાની અપીલ કરવામાં આવી હતી. નાયબ મુખ્યપ્રધાન સુરિન્દર ચૌધરીએ રજૂ કરેલા આ પ્રસ્તાવમાં ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ હટાવવામાં આવેલી કલમ ૩૭૦ને પુનઃસ્થાપિત કરવાની માગ કરવામાં આવી હતી. ઠરાવમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે રાજ્યના લોકોની ઓળખ, સંસ્કૃતિ અને અધિકારોનું રક્ષણ કરવા માટે જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો અને બંધારણીય રક્ષણ જરૂરી છે. નાયબ મુખ્યમંત્રી ચૌધરીએ કહ્યું, "કલમ ૩૭૦ને એકપક્ષીય રીતે હટાવવા પર ઊંડી ચિંતા છે અને જમ્મુ અને કાશ્મીરના લોકોની આકાંક્ષાઓને માન આપીને તેને રાષ્ટ્રીય એકતા સાથે સંતુલિત રાખીને તેને પુનઃસ્થાપિત કરવી જોઈએ."

પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થતાં જ વિધાનસભામાં વિપક્ષ ભાજપના સભ્યોએ તેનો ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો. વિપક્ષના નેતા સુનીલ શર્માએ દલીલ કરી હતી કે પ્રસ્તાવને એજન્ડામાં સામેલ કરવામાં આવ્યો નથી અને તેને ગેરબંધારણીય ગણાવ્યો હતો. "આ કાયદો દેશના સૌથી મોટા લોકતાંત્રિક મંદિર સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો છે," ભાજપના સભ્યોએ આક્રોશ વ્યક્ત કરતાં તેમણે ઠરાવની નકલો ફાડી નાખી, જેના કારણે ગૃહમાં ભારે હોબાળો થયો. હંગામા વચ્ચે, વિધાનસભાના અધ્યક્ષ અબ્દુલ રહીમ રાથેરે મતદાન માટે પ્રસ્તાવ મૂક્યો અને તેને પસાર કર્યો. ગૃહમાં ભાજપના વિરોધ અને હોબાળાને કારણે સ્પીકરે બેઠક ૧૫ મિનિટ માટે સ્થગિત કરી દીધી હતી. નોંધનીય છે કે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ને ૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર દ્વારા નાબૂદ કરવામાં આવી હતી અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં વિભાજિત કરવામાં આવ્યું હતું.

# પીએમ વિદ્યાલક્ષ્મી યુવાનો માટે ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણની મહત્તમ પહોંચ માટે છેલ્લા દાયકામાં લેવામાં આવેલી પહેલોના અવકાશ અને પહોંચ પર નિર્માણ કરશે

નવી દિલ્હી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળે પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મીને કેન્દ્રીય ક્ષેત્રની નવી યોજના મંજૂર કરી દીધી છે, જે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને નાણાકીય સહાયતા પ્રદાન કરવા ઈચ્છે છે, જેથી નાણાકીય તંગી કોઈને પણ ઉચ્ચ અભ્યાસ કરતાં અટકાવી ન શકે. પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦માંથી બહાર આવેલી અન્ય મહત્ત્વપૂર્ણ પહેલ છે, જેમાં એવી ભલામણ કરવામાં આવી હતી કે, સરકારી અને ખાનગી એમ બંને પ્રકારનાં એચઈઆઈમાં વિવિધ પગલાં મારફતે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવી જોઈએ. પીએમ વિદ્યાલક્ષ્મી યોજના હેઠળ, કોઈપણ વિદ્યાર્થી કે જે ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ સંસ્થા (ક્યુએચઈઆઈ) માં પ્રવેશ મેળવે છે, તે ટ્યુશન ફી અને અભ્યાસક્રમને લગતા અન્ય ખર્ચની સંપૂર્ણ રકમને આવરી લેવા માટે બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી કોલેટરલ ફ્રી, ગેરેન્ટર ફ્રી લોન મેળવવા માટે પાત્ર બનશે.આ યોજનાનું સંચાલન સરળ, પારદર્શક અને વિદ્યાર્થીઓને અનુકૂળ સિસ્ટમ મારફતે કરવામાં આવશે, જે આંતર-કાર્યક્ષમ અને સંપૂર્ણપણે ડિજિટલ હશે.

આ યોજના દેશની ટોચની ગુણવત્તા ધરાવતી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે, જે એનઆઈઆરએફ રેન્કિંગ્સ દ્વારા નિર્ધારિત કરવામાં આવી છે - જેમાં તમામ એચઈઆઈ, સરકારી અને ખાનગીનો સમાવેશ થાય છે, જેને એકંદર, કેટેગરી-સ્પેસિફિક અને ડોમેન સ્પેસિફિક રેન્કિંગમાં એનઆઈઆરએફમાં ટોચના ૧૦૦ માં સ્થાન આપવામાં આવ્યું છે; રાજ્ય સરકારના એચ.ઈ.આઈ.ને એન.આઈ.આર.એફ. અને કેન્દ્ર સરકાર સંચાલિત તમામ સંસ્થાઓમાં ૧૦૧-૨૦૦માં સ્થાન આપવામાં આવ્યું છે. નવીનતમ એનઆઈઆરએફ રેન્કિંગનો ઉપયોગ કરીને આ સૂચિને દર વર્ષે અપડેટ કરવામાં આવશે, અને તેની શરૂઆત ૮૬૦ ક્વોલિફાઇંગ ક્યુએચઈઆઈથી થશે, જેમાં ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે, જેથી પીએમ-વિદ્યાલક્ષ્મીનો લાભ સંભવિત રીતે મેળવી શકાય. જો તેઓ એવી રીતે ઇચ્છે તો.

૭.૫ લાખ સુધીની લોનની રકમ માટે, વિદ્યાર્થી બાકી ડિફોલ્ટના ૭૫% ની ક્રેડિટ ગેરંટી માટે પણ પાત્ર રહેશે. આનાથી આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને શિક્ષણ લોન ઉપલબ્ધ કરાવવામાં બેંકોને ટેકો મળશે.

ઉપરોક્ત ઉપરાંત , ? ૮ લાખ સુધીની વાર્ષિક પારિવારિક આવક ધરાવતા અને અન્ય કોઈ પણ સરકારી શિષ્યવૃત્તિ અથવા વ્યાજમાં રાહત યોજના હેઠળ લાભ મેળવવાને પાત્ર ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે, મોરેટોરિયમ સમયગાળા દરમિયાન ? ૧૦ લાખ સુધીની લોન માટે વ્યાજમાં ૩ ટકાની સહાય પણ આપવામાં આવશે. દર વર્ષે એક લાખ વિદ્યાર્થીઓને ઈન્ટરેસ્ટ સબવેન્શન સપોર્ટ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ સરકારી સંસ્થાઓના છે અને ટેકનિકલ/પ્રોફેશનલ કોર્સ પસંદ કર્યા છે તેમને પ્રાધાન્ય આપવામાં આવશે.

# દાહોદ જીલ્લામાં આ વર્ષે ૮૫ વાહન અકસ્માતોમાં ઘટાડો થયો

દાહોદ,

દાહોદ જિલ્લા પોલીસે માર્ગ અકસ્માતના બનાવો સંદર્ભે ગંભીરતાપૂર્વક મલ્ટી ડાયમેન્શનલ એનાલિસીસ કરી માર્ગ અકસ્માતમાં ઘટાડો કરવા માટે સંવેદનશીલ કામગીરી કરી છે. જેને પરિણામે દાહોદ જીલ્લામાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૮૫ વાહન અકસ્માતોમાં ઘટાડો થયો છે, એટલુ જ નહિ, ૬૯ માનવ જીવન બચાવવામાં સફળતા મળી છે. ટ્રાફિક અવેરનેસ, ડ્રંક એન્ડ ડ્રાઇવ, હેલ્મેટ-સીટ બેલ્ટ સહિતની ખાસ ડ્રાઇવ ઉપરાંત ડ્રોન કેમેરાના ઉપયોગથી અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટની પ્રશંસનીય કામગીરી માટે દાહોદ જિલ્લા પોલીસ વડા રાજદિપસિંહ ઝાલા અને તેમની સમગ્ર ટીમને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા છે.

લોકોમાં ટ્રાફિક આવેરનેસ લાવવાની સાથોસાથ રોડ એન્જીનીયરિંગ અને પોલીસ એન્ફોર્સમેન્ટ કામગીરી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો. જેમાં અગાઉના ૧૦ વર્ષમાં સર્જાયેલા માર્ગ અકસ્માતોનું મેપિંગ કરીને સુધારા યોગ્ય રોડ એન્જિનિયરિંગના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા.

દાહોદ જિલ્લામાંથી પસાર થતા ધોરી માર્ગો ઉપર સર્જાતા ગંભીર અકસ્માતો અટકાવવા માટે જીલ્લામાં ફાળવેલી ઈન્ટરસેપ્ટર વાન દ્વારા હાઈવે પેટ્રોલીંગ રાખી સ્પીડ ગનના માધ્યમથી હેલ્મેટ, ઓવર સ્પીડ, રોંગ સાઇડના કેસ ઉપરાંત બ્રેથ એનલાઇઝરની મદદથી ડ્રંક એન્ડ ડ્રાઇવના મહત્તમ કેસ કરવામાં આવ્યા છે. તેની સાથોસાથ જિલ્લાના સીસીટીવી નેટવર્ક એવા નેત્રમ મારફતે વધુમાં વધુ ઇ-ચલણના કેસ કરવામાં આવી રહ્યા છે. જેનાથી ટ્રાફિક સબંધી ગુન્હાઓ, ટ્રાફિક પેટર્ન, ડ્રાઇવિંગ બિહેવીયર, રોંગ સાઈડ સ્પોટ, રાત્રે બ્લેક સ્પોટ આઉટ કરવા સહિતની વિશેષ કામગીરી કરવામાં આવી. બીજી તરફ દાહોદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં દાહોદ પોલીસ દ્વારા સેમીનાર, રેલી તેમજ પેમ્ફલેટ વિતરણ કરી ટ્રાફિક અંગે જનજાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.

દાહોદ જીલ્લા પોલીસ દ્વારા વર્ષ-૨૦૨૪માં સપ્ટેમ્બર માસ સુધીમાં ઓવર સ્પીડના ૧૫,૦૬૫ કેસો, રોંગ સાઇડ ડ્રાઈવીંગના ૧૩,૩૭૨ કેસ, રશ ડ્રાઇવિંગના ૧૫૩૮ કેસ અને ડ્રંક એન્ડ ડ્રાઇવના કેસ કરીને ટ્રાફિક નિયમનનું અસરકારક અમલીકરણ કરવામાં આવી રહ્યુ છે.

દાહોદ જિલ્લા પોલીસ, વહીવટી તંત્ર તેમજ દાહોદ આર.ટી.ઓ વિભાગ દ્વારા કરવામાં આવેલી આ અસરકારક કામગીરીને પરિણામે વર્ષ-૨૦૨૪માં માર્ગ અકસ્માતના બનાવોમાં નોંધપાત્ર ૮૫ બનાવોનો ઘટાડો લાવવામાં સફળતા મળી છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે અકસ્માતના બનાવોમાં થયેલા ઘટાડા સાથે દાહોદ પોલીસ કુલ ૬૯ માનવ જીવન બચાવી શકી છે.

# અભિનેતા મલ્હાર ઠાકર અને પૂજા જોશી લેશે મંગલ ફેરા

ગુજરાતી ઈન્ડસ્ટ્રીનો સુપરસ્ટાર અત્યારે સૌથી મોસ્ટ બેચલર મલ્હાર ઠાકર હવે ફાઈનલી લગ્નના બંધનમાં જોડાવા જઈ રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી ગુજરાતી ફિલ્મના ચાહકોમાં એ વાત ચર્ચાનો વિષય બની હતી કે ગુજરાતી ફિલ્મના અભિનેતા મલ્હાર ઠાકર ટૂંક સમયમાં જ લગ્ન કરવાનો છે. જો જે તેમના લગ્નની અફવાઓ પણ ઘણા સમયથી ઉડી રહી હતી કે, તે ગુજરાતી એક્ટ્રેસ પૂજા જોશી સાથે લગ્ન કરવાનો છે. આ અફવાઓએ માર્કેટ એટલું ગરમ કર્યું હતું કે ફેન્સ રાજીના રેડ થઈ ગયા હતા. ત્યારે હવે ફાઈનલી મલ્હાર ઠાકર અને પૂજા જોશીએ ઓફિશિયલી આની જાહેરાત કરી દીધી છે અને તેઓ લગ્ન કરવા જઈ રહ્યા છે. ગુજરાતી ફિલ્મના અભિનેતા મલ્હાર ઠાકર કોની સાથે લગ્ન કરશે. તેવો પ્રશ્ન ઘણીવાર ચર્ચાયો હતો. આ અંગે અભિનેતાને આ અંગે સવાલો પણ પૂછવામાં આવ્યા છે, પણ ત્યારે અભિનેતાએ હંમેશા જવાબો આપવાનું ટાળ્યું છે. ત્યારે હવે દરેક ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકતા અભિનેતાએ જાહેરાત કરી દીધી કે તે જલ્દી જ લગ્ન કરી રહ્યા છે. ગુજરાતી ફિલ્મ અભિનેત્રી પૂજા જોષીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને જણાવી દીધું કે તે અને મલ્હાર ઠાકર લગ્ન ગ્રંથિથી જોડાશે.

જણાવી દઈએ કે, પૂજા જોષી અને મલ્હાર ઠાકર બંનેએ સ્ક્રીન પર સાથે કામ કર્યું છે. મલ્હાર ઠાકર અને પૂજા જોષીએ સાથે એક વેબ સિરીઝ અને બે ફિલ્મોમાં કામ કર્યું છે. તેમણે સાથે વેબ સિરીઝ 'વાત વાતમાં' સિઝન વન અને ટૂમાં કામ કર્યું છે. જેમાં તેમની કેમેસ્ટ્રી ખુબ વખાણવામાં આવી હતી. આ સિવાય તેમણે ફિલ્મ 'વીર ઈશાનું સિમંત' માં એક યંગ મેરિડ કપલની ભૂમિકા ભજવી હતી. છેલ્લે તેઓ આ વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ 'લગ્ન સ્પેશ્યલ' માં કપલની ભૂમિકામાં જોવા મળ્યા હતા.

# નાગા ચૈતન્ય અને શોભિતાના લગ્ન ચોથી ડિસેમ્બરે યોજાશે

નાગા ચૈતન્ય અને શોભિતા ધુલિપાલા ૪ ડિસેમ્બરના રોજ હૈદરાબાદમાં લગ્ન કરવાના છે. આ પહેલા એવો રિપોર્ટ હતો કે યુગલ જયપુરમાં ડેસ્ટિનેશન વેડિંગ કરશે, પરંતુ તાજેતરના અહેવાલો અનુસાર, હવે તેમણે લગ્ન કરવા માટે નાગાર્જુનના પરિવારના અન્નપુર્ણા સ્ટુડિયોને લગ્ન કરવા માટે પસંદ કર્યો છે. આ સ્ટુડિયોમાં એક ભવ્ય મંડપ તૈયાર કરવામાં આવશે. ૨૧મીઓક્ટોબરે શોભિતાએ પ્રી-વેડિંગ સેરેમનીની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. ઉલ્લેખનીય છે કે, નાગા ચૈતન્યના આ બીજાં લગ્ન છે. આ અગાઉ તે સામંથા રુથ પ્રભૂને છૂટાછેડા આપી ચૂક્યો છે. નાગા ચૈતન્ય અને શોભિતાએ ૮ઓગસ્ટના રોજ હૈદરાબાદમાં સગપણ કર્યું હતું. જેની ઘોષણા નાગા ચૈતન્યના પિતા નાગાર્જુને સોશિયલ મીડિયા પર કરી હતી.

નાગા ચૈતન્ય અને શોભિતાની મુલાકાત ૨૦૨૨માં એક પાર્ટીમાં થઈ હતી અને ત્યારથી તેઓ મિત્ર બની ગયા હતા અને પછીથી ડેટિંગ કરવા લાગ્યા હતા અને હવે લગ્ન કરી રહ્યા છે. જોકે પોતાના લગ્ન બાબતે નાગા ચૈતન્ય એને શોભિતા ધુલિપાલાએ સત્તાવાર રીતે કોઈ માહિતી આપી નથી.

# અજય દેવગનનો ભાણેજ અમન દેવગન બોલીવુડમાં એન્ટ્રી કરશે

કેદારનાથ, આશિકી, કાઈ પો છે સહિતની ફિલ્મો બનાવનાર અભિષેક કપૂર વધુ એક નવી ફિલ્મ લાવી રહ્યા છે. આ ફિલ્મ તે અજય દેવગન સાથે બનાવી રહ્યા છે. જેનું નામ આઝાદ છે. આ ફિલ્મ ખૂબ જ ખાસ છે કારણ કે આ ફિલ્મથી બે સ્ટારકીડ ડેબ્યૂ કરી રહ્યા છે. આ ફિલ્મથી રવીના ટંડનની દીકરી રાશા થડાની અને અજય દેવગનનો ભાણેજ અમન દેવગન બોલીવુડમાં એન્ટ્રી કરશે. આ ફિલ્મનું ટીઝર રિલીઝ કરી દેવામાં આવ્યું છે.

# નવેમ્બર શરુ છતાં પણ ઘરે એસી ચાલુ રાખવાની નોબત

મુંબઈ,

હવામાન વિભાગે એવી ચિંતાજનક જાહેરાત કરી છે કે ભારતમાં ૨૦૨૪નો ઓક્ટોબર છેલ્લાં ૧૨૩ વર્ષનો સૌથી ઉનો અને અકળાવાનારો રહ્યો છે.એટલે ભારતમાં નવેમ્બરમાં પણ કદાચ ઠંડીનો ગમતીલો અનુભવ થવાની શક્યતા ઓછી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ ડો.મૃત્યુંજય મોહપાત્રે એક ખાસ પત્રકાર પરિષદમાં એવી માહિતી આપી છે કે પેસિફિક મહાસાગરના પ્રવાહોમાં અલ -નીનો(પેસિફિક મહાસાગરના ગરમ પ્રવાહોને અલ- નીનો, જ્યારે ઠંડા પ્રવાહોને લા- નીના કહેવાય છે)ની અસરને કારણે ભારતમાં શિયાળાની મોસમના આગમનમાં કદાચ વિલંબ થાય તેવા સંકેત મળે છે. લા-નીના પ્રવાહોની અસર જોકે આવતા ડિસેમ્બર બાદ તબક્કાવાર અનુભવવા મળે તેવી પણ શક્યતા છે. ભારતમાં ૧૯૦૧ બાદ ૨૦૨૪નો ઓક્ટોબર સૌથી હોટ રહ્યો છે. સરળ રીતે સમજીએ તો આ વર્ષના ઓક્ટોબરમાં સરેરાશ તાપમાન ૨૬.૯૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.આ સરેરાશ તાપમાન સામાન્ય તાપમાન કરતાં ૧.૨૩ ડિગ્રી સેલ્સિયસ ડિગ્રી વધુ છે. આ કુદરતી પરિબળોની અસરને કારણે ૨૦૨૪ના નવેમ્બરમાં ભારતીયો કદાચ ગમતીલા ઠંડા શિયાળાનો આનંદ નહીં માણી શકે તેવી સંભાવના છે. ડો.મૃત્યુંજય મોહપાત્રે એવી માહિતી પણ આપી છે કે હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના ચક્ર શરૂ નહીં થયું હોવાથી ,પૂર્વના પવનો ફૂંકાતા હોવાથી, બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણનું કેન્દ્ર(લો -- પ્રેશર) વગેરે પરિબળોની વ્યાપક અસરથી હાલ ભારતમાં ઉનાળા જેવા હોટ હોટ માહોલની અસરનો અનુભવ થઇ રહ્યો છે. અગાઉ વર્લ્ડ મિટિયોરોજીકલ ઓર્ગેનાઇઝેશન (વિશ્વ હવામાન સંગઠન) સહિત યુરોપિયન યુનિયન ક્લાઈમેટ એજન્સી કોપરનીકસના વિજ્ઞાનીઓએ ગંભીર ચેતવણી આપી છે કે ૨૦૨૪નો ફેબ્રુઆરી મહિનો ભારત સહિત સમગ્ર વિશ્વ માટે અતિ ગરમ અને ઉકળતો રહ્યો છે. ૨૦૨૪ના ફેબ્રુઆરીમાં એવરેજ ગ્લોબલ સરફેસ એર ટેમ્પરેચર(જમીન પર વહેતી હવાનું સરેરાશ તાપમાન) ૧૩.૫૪ સેલ્સિયસ ડિગ્રી(૫૬.૪ ફેહરનહઇટ) રહ્યું હતું. આ સરફેસ એર ટેમ્પરેચર ૧૯ મી સદીની ઔદ્યોગિ ક્રાંતિ બાદના ફેબ્રુઆરીના સરેરાશ સરફેસ એર તાપમાન કરતાં ૧.૭૭ સેલ્સિયસ ડિગ્રી વધુ નોંધાયું છે. ચિંતાજનક ફેરફાર તો એ થયો છે કે ૨૦૨૩-૨૪ના છેલ્લા નવ મહિના દરમિયાન પૃથ્વીનો વિરાટ ગોળો ગરમ રહ્યો છે. આટલું જ નહીં, સમગ્ર વિશ્વના મહાસાગરોની અને સમુદ્રોની સપાટીનું તાપમાન પણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. વર્લ્ડ મિટિયોરોજીકલ ઓર્ગેનાઇઝેશન(વિશ્વ હવામાન સંગઠન) સહિત યુરોપિયન યુનિયન ક્લાઈમેટ એજન્સી કોપરનીકસના વિજ્ઞાનીઓએ આવી ગંભીર ચેતવણી આપી છે.

વિશ્વ હવામાન સંગઠને ચિંતા વ્યક્ત કરતાં કહ્યું છે કે ૨૦૨૪માં પૃથ્વીના ઉત્તર ગોળાર્ધનો શિયાળો હોટ, જ્યારે દક્ષિણ ગોળાર્ધનો ઉનાળો અતિ આકરો રહ્યો છે. સૂર્યની ઉત્તરાયણની અને દક્ષિણાયનની કુદરતી ગતિવિધિ મુજબ પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં ઉનાળો હોય ત્યારે દક્ષિણ ગોળાર્ધમાં શિયાળો હોય. પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં શિયાળો હોય ત્યારે ઉત્તર ગોળાર્ધમાં ઉનાળો હોય.

ફેબ્રુઆરીમાં તો આખા યુરોપમાં,ઉત્તર -દક્ષિણ અમેરિકા, આફ્રિકાના વાયવ્ય -અગ્નિ હિસ્સા, અગ્નિ એશિયા, ઓસ્ટ્રેલિયાનો પશ્ચિમ હિસ્સો વગેરેમાં ભારે અકળાવનારી ગરમીનો અનુભવ થયો છે. બ્રિટનની બર્કલી યુનિવર્સિટીના અર્થ સાયન્ટિસ્ટ ઝેક હોસફાધર અને તેમની ટીમે કરેલા અભ્યાસની વિગતો દ્વારા જાણવા મળે છે કે ભારત સહિત સમગ્ર વિશ્વમાં ૨૦૨૪ના ફેબ્રુઆરી મહિનામાં મહત્તમ તાપમાનનો પારો વધુ ઉંચો નોંધાયો છે. ૨૦૨૪નો જાન્યુઆરી પણ ગરમ રહ્યો છે. વળી,૨૦૨૩ના મે થી નવેમ્બર સુધીના નવ મહિનામાં પણ સરેરાશ તાપમાન ઉંચું રહ્યું છે.

# ઓલિમ્પિક ૨૦૩૬ની યજમાની કરવા માટે ગુજરાતીઓ તૈયાર

નવી દિલ્હી, ઓલિમ્પિકનું આયોજન આ વર્ષે પેરિસમાં થયું હતુ. જેમાં અનેક દેશોના એથ્લીટે ભાગ લીધો હતો. આગામી ગેમ્સ લોસ એન્જિલ્સમાં વર્ષ ૨૦૦૮માં આયોજિત થશે. જ્યારે ૨૦૩૨ની મેજબાની ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેન શહેરમાં કરવામાં આવશે. ૨૦૩૬માં થાનારા ઓલિમ્પિકની મેજબાની ક્યાં શહેરને મળવાની છે. તેનો નિર્ણય હજુ લેવાનો બાકી છે. પરંતુ આ વચ્ચે ભારતીય ઓલિમ્પિક સંઘ એટલે કે, આઈઓએ વર્ષ ૨૦૨૬ની ઓલિમ્પિક રમતની મેજબાનીને લઈ આઈઓસીને એક લેટર મોકલ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમના ભાષણમાં અનેક વખત ૨૦૩૬ ઓલિમ્પિક ભારતમાં આયોજન કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી ચૂક્યા છે. પીએમ કહી ચૂક્યા છે કે, ૨૦૩૬માં ઓલિમ્પિકનું આયોજન કરવું એ એક સ્વપ્ન છે જેના માટે અમે સક્રિયપણે કામ કરી રહ્યા છીએ.


## LESHA INDUSTRIES LIMITED

Registered Office. 7th Floor, Ashoka Chambers,Mithakhali Six Road , Ahmedabad 380 006.
CIN :L27100GJ1992PLC018607

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED SEPTEMBER 30, 2024** (Rs. In Lakhs)

| PARTICULARS | Quarter ending | Previous Quarter ending | Corresponding 3 months ended in the previous year | Year to date |
|---|---|---|---|---|
| | 30-09-2024 | 30-06-2024 | 30-09-2023 | 30-09-2024 |
| | Unaudited | Unaudited | Unaudited | Unaudited |
| Total income from operations | 463.35 | 691.49 | 17.34 | 1154.84 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 3.83 | 20.73 | 2.42 | 24.56 |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 3.83 | 20.73 | 2.42 | 24.56 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 3.83 | 16.89 | 2.42 | 20.72 |
| Total Comprehensive Income for the period [Comprising profit / (Loss) for the period (after tax) and other comprehensive income (after tax)] | 3.83 | 16.89 | 2.42 | 20.72 |
| Equity Share Capital | 2845.17 | 1100.00 | 1100.00 | 2845.17 |
| Other Equity | | | | 4605.52 |
| **Earnings Per Share (before extraordinary items) (of Re.1/- each) (not annualised)** | | | | |
| Basic : | 0.001 | 0.015 | 0.002 | 0.007 |
| Diluted: | 0.001 | 0.015 | 0.002 | 0.007 |
| **Earnings Per Share (after extraordinary items) (of Re.1/- each) (not annualised)** | | | | |
| Basic : | 0.001 | 0.015 | 0.002 | 0.007 |
| Diluted : | 0.001 | 0.015 | 0.002 | 0.007 |

Notes:
The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange website (www. bseindia.com) and the company's website (www.lesha.in)

For, LESHA INDUSTRIES LIMITED
SD/-
Leena Ashok Shah
Managing Director
DIN: 02629934

Date : 13/11/2024
Place : Ahmedabad



## Unison Metals Limited

CIN No: L52100GJ1990PLC013964
Reg Office :Plot No.5015, Ph-IV, Nr. Ramol Cross Road, GIDC, Vatva, Ahmedabad-382445
Website - www.unisongroup.net, Email: unisonmetals@gmail.com - ,Telephone - +91-07925841512

**STATEMENT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2024**

| | Particulars | Standalone | | | | | | Consolidated | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | | Half Year Ended | | Year Ended | Quarter Ended | | | Half Year Ended | | Year Ended |
| | | 30th Sep 2024 | 30th Jun 2024 | 30th Sep 2023 | 30th Sep 2024 | 30th Sep 2023 | 31st March 2024 | 30th Sep 2024 | 30th Jun 2024 | 30th Sep 2023 | 30th Sep 2024 | 30th Sep 2023 | 31st March 2024 |
| | | Unaudited | Unaudited | Unaudited | Unaudited | Unaudited | Audited | Unaudited | Unaudited | Unaudited | Unaudited | Unaudited | Audited |
| 1 | Total Income from operations ( Net ) | 2,833.58 | 2,853.10 | 3,267.60 | 5,686.69 | 6,436.39 | 15,004.51 | 6,701.45 | 5,452.06 | 6,043.54 | 12,283.59 | 11,574.74 | 27,666.52 |
| 2 | Net Profit/ ( Loss ) for the period ( before tax Exceptional and/ or Extraordinary items ) | 31.03 | 40.41 | -251.37 | 71.45 | -338.29 | 137.95 | 51.30 | 165.99 | -465.10 | 218.26 | -830.93 | 501.73 |
| 3 | Net Profit/ ( Loss ) for the period after tax (after Exceptional and/ or Extraordinary items ) | 23.60 | 35.88 | -188.21 | 59.50 | -254.34 | 93.94 | 48.11 | 131.00 | -341.65 | 180.08 | -615.67 | 352.00 |
| 4 | Total Comprehensive income for the period (comprising profit /(loss) for the period after tax and other comprehensive income (after tax)) | 23.74 | 36.02 | -187.58 | 59.78 | -253.08 | 94.45 | 48.92 | 131.82 | -339.63 | 181.72 | -611.63 | 359.42 |
| 5 | Equity Share Capital ( Face Value Rs.10/- per shares ) | 1602.1 | 1602.1 | 1602.1 | 1602.1 | 1602.1 | 1602.1 | 1602.1 | 1602.1 | 1602.1 | 1602.1 | 1602.1 | 1602.1 |
| 6 | Other Equity | | | | 444.73 | | 384.95 | | | | 1878.58 | | 1696.85 |
| 7 | Earnings Per Share ( EPS ) | | | | | | | | | | | | |
| (a) | Basic EPS before and after Extraordinary items for the period ( not annualized ) in Rs.10 Per Share | 0.15 | 0.22 | -1.17 | 0.37 | -1.59 | 0.59 | 0.30 | 0.82 | -2.13 | 1.12 | -3.84 | 2.22 |
| (b) | Diluted EPS before and after Extraordinary items for the period ( not annualized ) in Rs.10 Per Share | 0.15 | 0.22 | -1.17 | 0.37 | -1.59 | 0.59 | 0.30 | 0.82 | -2.13 | 1.12 | -3.84 | 2.22 |

1. This statement has been prepared in accordance with the Indian Accounting Standards (Ind AS) as prescribed under Section 133 of the Companies Act, 2013 Accounting Standards Rules, 2015 (as amended). The statutory auditors of the company have carried out audit for the year ended March 31, 2024.
2 These results have been recommended for adoption by the Audit Committee in its meeting held on Nov 13, 2024, and approved by the Board of Directors at its meeting held on Nov 13, 2024.
3. "The Company publishes standalone financial results along with the consolidated financial results. In accordance with the Ind AS 108, Operating Segments', the Company has disclosed the segment information in the consolidated financial results and therefore no separate disclosure on segment information is given in the standalone financial results for the quarter ended September 30, 2024.The quarterly results have been"reviewed whereas the yearly results have been audited by the Statutory Auditors of the company.
4. " Note on Inventory lying at third party and amount receivable thereof"The Company has outstanding receivables from Naaptol amounting to Rs. 113.12 Lacs. In addition, inventory of Utensils, lying at their warehouse amounts to Rs. 105.85 Lacs. Naaptol has appointed arbitrator to resolve the dispute between the company and Naaptol. Against this the company has approached the Hon'ble High Court at Mumbai, to rescind the appointment of arbitrator appointed by Naaptol and to seek appointment of independent arbitrator by the court. The management is confident that the entire amount is recoverable. However as a matter of prudence the company has decided to make a provision at 10 percent per annum beginning from F.Y. 2020-21. Accordingly the aggregate provision as on September 30, 2024 stands at 45 percent.
5 "In line with Ind AS - 108 operating segments and basis of the review of operations being done by the senior Management, the operations of the group fall under 3 segments:"(a) Stainless Steel"(b) Ceramic Division"(c) Sodium Silicate
6 The figures for the quarter ended March 31, 2024, are the balancing figures between audited figures in espect of the full financial year and the published year to-date figures up to the third quarter of the respective financial year.
7 EPS is not annualized for the quarter ended September 30, 2024, September 30, 2023 and June 30, 2024.
8

| Other income includes: | Standalone | | | | | | Consolidated | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Particulars | Quarter Ended | | | Half Year Ended | | Year Ended | Quarter Ended | | | Half Year Ended | | Year Ended |
| | 30th Sep 2024 | 30th June 2024 | 30th Sep 2023 | 30th Sep 2024 | 30th Sep 2024 | 31st March 2024 | 30th Sep 2024 | 30th June 2024 | 30th Sep 2023 | 30th Sep 2024 | 30th Sep 2024 | 31st March 2024 |
| | Rs. | Rs. | Rs. | | Rs. | Rs. | Rs. | Rs. | Rs. | | Rs. | Rs. |
| Liability written back | 0 | 0 | 0 | 0 | 0.41 | 0.64 | -4.59 | 4.63 | 0 | 0.04 | 0.73 | 0.64 |
| Foreign Exchange Flutuation Gain | 0.57 | - | 1.25 | 0.57 | 11.18 | 11.74 | -0.86 | 1.43 | 1.25 | 0.57 | 11.18 | 11.74 |

For and on behalf of Board of Directors
FOR UNISON METALS LTD
sd/-
(MAHESH CHANGRANI)
Whole Time Director

Place : Ahmedabad.
Date : 13th November, 2024



**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**ઇ-ટેન્ડર આમંત્રણ નોટિસ**

**ટેન્ડર આમંત્રણ નોટિસ નં. – DRM-SnT-ADI-Sig 04 of 2024-25;** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્યકારી DRM/S એન્ડ T **ટેન્ડર નંબર DRM-SnT-ADI-Sig 04 of 2024-25** સામે ઇ-ટેન્ડરો આમંત્રિત કરે છે બંધ થવાની **તારીખ 04.12.2024, 15:00** બિડર્સ તેમની મૂળ / સંશોધિત બિડ ફક્ત છેલ્લી તારીખ અને સમય સુધી જ જમા કરાવી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઑફર્સની મંજૂરી નથી, અને આવી પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ ઑફરને ધ્યાનમાં લેવામાં આવશે નહીં; **(1) કામનું નામ:** અમદાવાદ ડિવિઝન ના શિરવા સ્ટેશન ખાતે આઉટડોર S&T કાર્ય સાથે ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ (E.I.) સિસ્ટમની ડિઝાઇન, આપૂર્તિ, ઈન્સ્ટોલેશન, પ્રોગ્રામિંગ, પરીક્ષણ અને કમીશનીંગ; **(2) કામનો અંદાજિત ખર્ચ:** ₹ 8,48,25,341.55/-; **(3) અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ 5,74,100/-; **(4) બંધ થવાની તારીખ અને સમય:** 04.12.2024 ના 15:00 કલાકથી મોડા નહીં; **(5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 04.12.2024 ના રોજ 15:30 કલાકે ખુલશે; **(6) ઈ-ટેન્ડરીંગની વેબ સાઈટ:** www.ireps.gov.in 232

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**ભૈતિક કબ્જા નોટીસ**

**ICICI Bank** શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફીસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બીઉ, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ) -૪૦૦૬૦૪.

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના કાયદા ૧૩(૧૨) હેઠળ અને સિક્યોરિટી એક્ટ (એનફોર્સમેન્ટ)રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ દ્વારા નીચે જણાવેલા દેવાદરોને માંગણા નોટિસ આપવામાં આવી હતી.(દિવાન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ દ્વારા આઈસીઆઈસીઆઈ બેંકે સોંપેલ પુલ અંતર્ગત)એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટીના અમલીકરણના સંબંધમાં, મંજૂર કરેલ હાઉસિંગ લોનની સુવિધાના સંદર્ભમાં દેવાદારો અને ડીએચએફએલની વચ્ચે થયેલા લોન કરાર અનુસાર દેવાદારો ને નોટિસમાં જણાવેલી રકમ નોટિસ મલ્યાના ૬૦ દિવસની અંદર પરત કરવા અંગે જાણ કરવામાં આવે છે.

દેવાદારો બાકી લેણાં રકમ પરત કરવામાં નિષ્ફળ ગયા છે. આથી જાહેર જનતા અને દેવાદારોને સુચિત કરવામાં આવે છે કે સેક્શન ૧૩(૪) અને ઉપરોક્ત રૂલ્સના રૂલ ૮ હેઠળ મલતાં અધિકારોની રૂએ નીચે જણાવેલી મિલકતોનો નીચે જણાવેલી તારીખે સાંકેતિક કબ્જો લઈ લેવામાં આવેલ છે. આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ પાસે મિલકતો ટાંચમાં હોઈ જાહેર જનતાને અને દેવાદારોને નીચે જણાવેલી મિલકતો સાથે કોઈ પણ જાતનો સોદો ન કરવા માટે તાકિદ કરવામાં આવે છે.

| ક્રમ નં | દેવાદારો/ સહ દેવાદારોનું નામ / (ડીએચએફએલ જુના લેન અને આઈસીઆઈસીઆઈ નવા લેન) | મિલકતોની વિગતો / કબ્જાની તારીખ | ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ (રૂા) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | પોકરામ રામનારાયન યાદવ/રમેશચંદ રામનારાયણ યાદવQZARAJ00005036621 (ડીએચએફએલનોજુનોએકાઉન્ટ.નં.06400007114) | ફલેટ નં. ૮, મનમોહન પ્લાઝા, ચોથો માળ, લીલાપર ચાર રસ્તા, ચાર રસ્તા, સરવે નં. ૧૫૮, મોરબી, ગુજરાત-૩૬૩૬૪૧ / નવેમ્બર ૦૯,૨૦૨૪ | જૂન ૦૧, ૨૦૨૩ રૂા. ૬,૨૭,૯૧૪.૦૦/- | મોરબી |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ- ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : નવેમ્બર ૧૪, ૨૦૨૪
સ્થળ : મોરબી

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ